# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/30/ક્વા-૨/૨૧-૨૨/૫૯૦૦-૫ તા.૦૭.૧૦.૨૦૨૧

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-**30/ક્વા-૨/૨૧-૨૨

અરજદાર :વિજયભાઈખોડાભાઈપીપરીયા ગામ: રાજકોટ

પેટા વિભાગીય કચેરી : ખોખડદળ

રજૂઆત કરનાર :અરજદાર વિજયભાઈખોડાભાઈપીપરીયા અને તેમની સાથે મુકેશભાઈ પ્રેમજીભાઈ ગજેરા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩

રજૂઆત કરનાર : શ્રી એમ.આર.માકડિયા કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ અને શ્રીએમ.એમ.ગોહેલ નાયબ ઈજનેર પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી –ખોખડદળહાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૨૯-૦૯-૨૧ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૯-૦૯-૨૧ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારરજુઆતમાંજણાવેછેકેતેઓખોખડદળપેટાવિભાગીય કચેરી ખાતેગ્રાહક નં. ૬૨૧૧૩/૪૧૦૮૮/૫થી૩-ફેજઇન્ડસ્ટ્રીયલ વીજ્જોડાણધરાવેછે. સદરવીજ્જોડાણનુંતા.૦૯.૦૩.૨૦૨૧નારોજચેકીગકરવામાંઆવેલહતું. જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. દ્વારા સ્લોનેસનુંરૂ.૧૪૧૮૫૯૦.૬૯બીલઆપવામાંઆવેલ.

૨.૧ સદરપુરવણીબીલનાઅનુસંધાનેઅરજદારજણાવેછેકેતેઓનાબીલનીગણતરીમાં માહે ઓગષ્ટ-૨૦૧૮થીમાર્ચ-૨૦૨૧સુધીનોસમયગાળોધ્યાનેલીધેલછેજેGERC નાનિયમવિરુદ્ધછે. વધુમાંતેઓએદરેકબીલસમયસરભરપાઈકરેલછે. સદરવીજજોડાણમાહે ઓગષ્ટ-૨૦૧૮થીરીલીઝકરેલછેતોસ્લોનેસકેવીરીતેહોયશકે?

૨.૨

અરજદારદ્વારાવીજજોડાણરીલીઝથયાથીઅત્યારસુધીમાંક્યારેયચોરીકરેલનથીકેમીટરસાથેકોઇપણજાત નાચેડાકરેલનથી.

તેમજGERCનાનિયમમુજબસદરવીજજોડાણનુંદર૦૬માસેચેકિંગકરેલનથીતથાસદરબીલGERC નાનિયમમુજબ૦૬માસથીવધુસમયમાટેઆપીનશકાય.અરજદારવધુમાંજણાવેછેકે સદર ફરિયાદનો જ્યાંસુધીનિકાલનથાયત્યાંસુધીવીજજોડાણકાપવુંનહિ તેમજ સદર સ્લોનેસનાબીલસબબયોગ્યથવામાટેઅરજદારદ્વારાઅત્રેનાફોરમસમક્ષન્યાયિકરજૂઆતકરેલછે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયેપી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કેખોખડદળ સબડીવીઝનના શ્રી વિજયભાઈ ખોડાભાઈ પીપળીયા ગ્રાહક નંબર૬૨૧૧૩/૪૧૦૮૮/૫ થી LTMD કેટેગરી હેઠળ 45 KWનું વીજજોડાણ તા.૨૭.૦૮.૨૦૧૮ થી ધરાવે છે.

૩.૧ અરજદારના સદર વીજજોડાણમાં તા.૦૯-૦૩-૨૦૨૧ ના રોજ ચેકિંગ શીટ નં.૦૯૬૮૭૦ થી ચેક કરતા સ્થળ પર વીજ વપરાશ ચાલુ હોવા છતાં R ફેઈઝમાં 0.0 વોલ્ટેજ બતાવતા હતા. તેથી એક્યુચેક ટેસ્ટથી ટેસ્ટ કરતા મીટર ૪૭.૧૫% ધીમું ફરતું હતું. જેથી સદર મીટરને ચેકિંગ શીટ નં.૧૧૯૮૯૩ તા.૧૦.૦૩.૨૦૨૧ થી ઉતારી લેબોરેટરીમાં તપાસણી માટે પેપરપેક કરેલ.

૩.૨ સદર મીટરની – મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૧૭.૦૩.૨૦૨૧ ના રોજ ચકાસણી કરવામાં આવેલ. જેના રીપોર્ટ મુજબ મીટરના ડિસ્પ્લેમાં R ફેઇઝ 0 (ઝીરો) બતાવેલ, MMB, TC,તથા મીટર બોડીના સીલો બરાબર માલુમ પડેલ અને સદર મીટરનો ડેટા લેતા તેનો પ્રાથમિક અભ્યાસ કરતા ‘રનીંગ ટેમ્પર’ રીપોર્ટમાં PT Miss R DT & Time 25.08.2018 Time: 15:04:50 દર્શાવે છે. તેમજ ઇન્ડીવિઝ્યુઅલ ટેમ્પર રીપોર્ટમાં પોટેન્શીયલ Miss R Phase ના સ્ટેટસમાં ‘ઇન પ્રોસેસ’ બતાવે છે. જેથી સદર મીટરને વિશેષ અભ્યાસ અર્થે કંપનીમાં મોકલાવેલ. જે રીપોર્ટ તા.૧૭.૦૭.૨૧ ના રોજ આવેલ તેમાં પણ PT Miss R ફેઇઝ 0 (ઝીરો) બતાવે છે તથા ૨૫.૦૮.૨૦૧૮ સમય ૧૫:૦૪:૫૦ બતાવેલ છે.

3.3 અરજદારશ્રીની ફરિયાદના અનુસંધાને સદર એલ.ટી. કનેક્શનમાં MRI રીપોર્ટ મુજબ તા.૨૫.૮.૨૦૧૮ થી ૪૭.૧૫% મીટર ધીમું હોય જેથી નિયમ મુજબ તા.૨૫.૦૮.૨૦૧૮ થી સ્લોનેશનું રૂ.૧૪,૧૮,૫૯૦.૬૯ પુરવણીબીલ આપવામાં આવેલ છે. આમ, ગ્રાહકશ્રીને પાવરચોરીનું નહિ પણ સ્લોનેશ નું બીલ આપવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦અરજદારેકરેલલેખિત તેમજ મૌખિકરજૂઆતતથાસામાવાળાની લેખિત તેમજ મૌખિકરજૂઆતઅનેરજૂકરાયેલાદસ્તાવેજી પુરાવાઓના આધારેફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજુઆત મુજબ તેઓખોખડદળપેટાવિભાગીય કચેરી ખાતેગ્રાહક નં. ૬૨૧૧૩/૪૧૦૮૮/૫થી૩-ફેજઇન્ડસ્ટ્રીયલ LTMD કેટેગરી હેઠળ 45 KW નું વીજજોડાણ તા.૨૭.૦૮.૨૦૧૮ થી ધરાવેછે. સદરવીજજોડાણમાં તા.૦૯.૦૩.૨૦૨૧નારોજ પી.જી.વી.સી.એલ. દ્વારા ચેકિંગકરવામાંઆવેલહતું. જે અનુસંધાને

સ્લોનેસનુંરૂ.૧૪૧૮૫૯૦.૬૯બીલઆપવામાંઆવેલ જે નિયમ વિરુદ્ધનું હોય અરજદાર દ્વારા સદર બાબતે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની રજૂઆત અન્વયેપી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારના સદર વીજજોડાણમાં તા.૦૯.૦૩.૨૦૨૧ ના રોજ ચેકિંગ શીટ નં.૦૯૬૮૭૦ થી ચેક કરતા સ્થળ પર વીજ વપરાશ ચાલુ હોવા છતાં R ફેઈઝમાં 0.0 વોલ્ટેજ બતાવતા હતા. તેથી સ્થળ ઉપરજ એક્યુચેક ટેસ્ટથી મીટર ટેસ્ટ કરતા મીટર ૪૭.૧૫% ધીમું ફરતું હતું. જેથી સદર મીટરને ગ્રાહકની હાજરીમાં ચેકિંગ શીટ નં.૧૧૯૮૯૩ તા.૧૦.૦૩.૨૦૨૧ થી ઉતારી લેબોરેટરીમાં તપાસણી માટે પેપરપેક કરેલ તેમજ સદર ચેકિંગ શીટમાં કરાયેલ નોંધ મુજબ મીટર કંપનીનું નામ **Avon** અને મીટરના સીરીયલ નં. **PG**૧૬૨૯૩૧ – ૧૦૦/૫**AMP** નું અને કુલ જોડાયેલ વીજભાર ૩૮.૧૨૮ **KW** નોંધાયેલ છે.

૪.3 ત્યારબાદ તા.૧૭.૦૩.૨૦૨૧ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ગ્રાહકની હાજરીમાં સદર મીટર નં. **PG**૧૬૨૯૩૧ ની ચકાસણી કરવામાં આવેલ. જેના રીપોર્ટ મુજબ નીચે મુજબના રીડીંગ નોંધાયેલ છે.

| ક્રમ | પેરામીટર | રીડીંગ | ક્રમ | પેરામીટર | રીડીંગ |
|---|---|---|---|---|---|
| 1 | Date& Time | 17.03.2021 10:04:40 | 7 | RMD - KW | 0.00 |
| 2 | R-Ph V | 0 | 8 | BMD - KW | 37.44 |
| 3 | Y-Ph V | 218 | 9 | CMD - KW | 1051.96 |
| 4 | B-Ph V | 217 | 10 | RC | 35 |
| 5 | KWH | 220321 | 11 | Cumm.Fund.-KWH | 219854 |
| 6 | KVARH Lag | 86014 | | | |

વધુમાં લેબ રીપોર્ટ મુજબ ચેકિંગ શીટતા.૦૯.૦૩.૨૦૨૧ મુજબ સ્થળ પર ટેસ્ટ લેતા મીટર ૪૭.૧૫% સ્લો માલુમ પડેલ. હોય એક્યું ચેક ટેસ્ટ લીધેલ નથી. તેમજ મીટરને ટેસ્ટીંગ બેચ પર ટેસ્ટ કરતા ડિસ્પ્લેમાં R ફેઇઝ ના વોલ્ટેજ “0” (ઝીરો) દર્શાવેલ છે. ત્યારબાદ મીટરના ડેટા લઈને તપાસતા તા.૨૫.૦૮.૨૦૧૮ સમય:૧૫:૦૪:૫૦ થી Rફેઝની PT Missing બતાવે છે, જે રિસ્ટોર થયેલ નથી. તેમજ સદર મીટરનું ટેસ્ટીંગ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૧૩.૧૧.૨૦૨૧૭ મુજબ બરાબર હતું. વધુમાં મીટરને મેન્યુફેક્ચરિંગ કંપનીમાં મોકલવું અને જે અભિપ્રાય આવશે તે બંને પક્ષને બંધનકર્તા રહેશે. મીટરના MMB, TC, તથા મીટર બોડીના સીલો બરાબર માલુમ પડેલ છે અને મીટરને અરજદારની હાજરીમાં રીપેપર-પેક કરેલ છે.મે.એવોન મીટર્સ પ્રા.લી. દ્વારા સદર મીટરના એનાલિસિસ રીપોર્ટ તા.૧૭.૦૭.૨૧ મુજબ “... gone through the MRI data of said meter and found that PT Miss R-Phase temper logged as per threshold value from 25.08.2018 (15:04:50)”.

૪.3 સવાલવાળા મીટરના એમઆરઆઈ રીપોર્ટનો અભ્યાસ કરતા મીટરના સિરિયલ નં **PG162931** દર્શાવેલ છે તેમજ ટેમ્પર ડેટા મુજબ **R Phase PT Missing** તા.૨૫-૦૮-૧૮ (15:04:50)થી બતાવે છે જે રિસ્ટોર થયેલ નથી. જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. દ્વારા માહે ઓગષ્ટ-૧૮ થી માહે માર્ચ-૨૧ સુધીનું સ્લોનેશની ગણતરી કરીને પી.જી.વી.સી.એલ. દ્વારા કુલ રકમ રૂ.૧૪,૧૮,૫૯૦/૬૯ નું પુરવણીબીલ અરજદારને લેખિત પત્ર તા.૦૩-૦૮-૨૦૨૧ થી પાઠવવામાં આવેલ છે.

૪.૪ **As per Clause 8.1 of GERC (Standard of Performance of Distribution Licensee) Regulation 2005.**

**“The Licensee shall regularly inspect, check and test the meters. However, the periodicity of such inspection shall not be less than that as may be provided by the Central Electricity Authority in their Regulations on Installation & Operation of the meters.”**

વધુમાં, નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં – ૬.૮૪ મુજબ "કોઇપણ ગ્રાહક પાસે ચુકવણીમાં ક્સુરને કારણે બાકી નીકળતી રકમ – આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૦૨ વર્ષ ની મૂદત પછી વસુલવા પાત્ર થશે નહિ - સિવાય કે આવી રકમ અધિનિયમની કલમ – ૫૬ અનુસાર પૂરી પડેલી વીજળી માટે ખર્ચની બાકીની રકમ તરીકે સતત દર્શાવવામાં આવી હોય."

૪.૫ સદર કેઈસમાં વિગતવાર અભ્યાસ કરતા ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબ – અરજદારને માહે ઓગષ્ટ-૧૮ થી માહે માર્ચ-૨૧ સુધીનું સ્લોનેશની ગણતરી મુજબનું રૂ.૧૪,૧૮,૫૯૦/૬૯ નું પુરવણીબીલ તા.03-0૮-૨૦૨૧ થી આપેલ છે જે રદ કરીને નવું પુરવણીબિલ તા.03-0૮-૨૦૨૧ થી અગાઉના ૦૨ વર્ષના સમયગાળાનું વિગતવાર ગણતરીપત્રક સાથે અરજદારને આપવાની પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે. વધુમાં અરજદારને સદર રીવાઈઝ બીલની રકમને ૦૪ (ચાર) સરખા વ્યાજ વગરના માસિક હપ્તા કરી આપવા. જે હપ્તાની રકમ અરજદારે અનુક્રમે તા.30-10-૨૦૨૧,તા.30-૧૧-૨૦૨૧, તા.૩૧-૧૨-૨૦૨૧ અને તા.૩૧-0૧-૨૦૨૨ થી ભરપાઈ કરવાની રહેશે અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે. પી.જી.વી.સી.એલ. દ્વારાઆકનેક્શનની રીલીઝતા. ૨૭.૦૮.૨૦૧૮ છે, પરંતુતા.૨૫.૦૮.૨૦૧૮ થી **R Phase PT missing** હોવાછતાંકોઇપણજાતનાવેરિફિકેશન વગરકનેક્શન રીલીઝ કરીને સંપૂર્ણ બેદરકારી દાખવેલ છે.

પીજીવીસીએલ કક્ષાએથી સદર વીજજોડાણનું સમયાંતરે **Central Electricity Authority**ની મીટરની તપાસણી અંગેની ગાઈડલાઈન મુજબ – કાર્યવાહી થયેલ નથી જે ખુબજ ગંભીર બાબત હોય તેમજ કંપનીને નાણાકીય નુકશાન થયેલ છે જે બાબતે પી.જી.વી.સી.એલ. કક્ષાએથી જવાબદાર અધિકારી / કર્મચારી સામે નિયમાધીન કાર્યવાહી કરવી તેમજ સદર બાબતોને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં સદર પ્રકારની તકરાર ઉભી ન થાય તેવા યોગ્ય પગલા લેવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામાં આવે છે.

૪.૬ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.
૪.૭આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯